# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

'ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ'


તા. ૨૬/૧૧/૨૦૨૧

-: અખબારી યાદી:-

# તા. ૨૬/૧૧/૨૦૨૧ના રોજ "ડિઝાસ્ટર/એપેડેમીક રિસ્પોન્સ" અંગે મનપાના અધિકારીઓ/કર્મચારીઓ માટે તાલીમ યોજાઈ

## આગ, પુર-હોનારત, ધરતીકંપ જેવી કુદરતી આપદા સમયે સ્વ બચાવ તેમજ અન્ય લોકોના બચાવ માટેની કાર્યવાહી વિશે તાલીમ આપવામાં આવી

તારીખ: ૨૭-૧૧-૨૦૨૧

સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત આગામી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન કચેરી હેઠળના વર્ગ-૧ થી ૪ સુધીના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને "ડિઝાસ્ટર/એપેડેમીક રિસ્પોન્સ" અંગેની તાલીમનો કાર્યક્રમ તા. ૨૬/૧૧/૨૦૨૧ નાં રોજ વેસ્ટ ઝોન મીટીંગ રૂમ ખાતે યોજવામાં આવેલ. આ તાલીમમાં આગ, પુર-હોનારત, ધરતીકંપ જેવી કુદરતી આપદા સમયે સ્વ બચાવ તેમજ અન્ય લોકોના બચાવ માટે કઈ રીતે કાર્યવાહી કરવી તે અંગેની વિસ્તૃત માહિતી/ડેમોન્સ્ટ્રેશન કાલાવાડ રોડ ફાયર સ્ટેશનનાં સ્ટેશન ઓફિસર શ્રી વિગોરા તેમજ શ્રી દવે દ્વારા આપવામાં આવેલ. આ ઉપરાંત એપેડેમીક અંગે ખાસ કરીને મચ્છર જન્ય રોગ જેવા કે ડેન્ગ્યું , ચિકનગુનિયા, કોરોના તેમજ વાઈરલ ફ્લુ જેવી બીમારી તેમજ પાણી જન્ય રોગ જેવા કે ઝાડા-ઉલ્ટી, કોલેરા વિગેરે જેવા રોગોને ફેલાતો અટકાવવા માટે લેવાના થતા પગલા તેમજ આવા દર્દીઓને સારવાર માટે શું શું કાર્યવાહી કરવી એ અંગેની તાલીમ આરોગ્ય વિભાગના મેડીકલ ઓફિસર શ્રી રાવલ દ્વારા આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા આસી. કમિશનર શ્રી સમીર ધડુકનાં માર્ગદર્શન હેઠળ આસી. મેનેજર શ્રી મનીષ વોરા તથા શ્રી વિવેક મહેતાની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

પ્રતિ,
તંત્રી શ્રી,
ઉપરોક્ત અખબાર યાદી જાહેર જનતાના લાભાર્થે આપના અખબારમાં વિના:મુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

પર્યાવરણ ઈજનેર
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા